સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

એક મગતરૂં ય બોડમાં હાથ નાખી જાય છે,
સૂતો રહે 'સિંહ' આળશુ, ઉંદમાં સાંખી જાય છે,
ચાખી જાય છે લોહી, રેઢી-સૂની પડેલી સીમાનું
વાઢી જાય છે માથાં એને સુરંગો રાખી જાય છે..
(ઢીલી યુદ્ધનીતિ)

કાઢસે હવે
પ્રજાને નચોવીને -
ચૂંટણી ફંડ
(ઉદ્યોગપતિઓ)

ઠંડી આગાહી -
પશ્ચિમ ની ખલેલ,
ઠારસે હવે..
(૨૦/૧ થી ઠંડી વધશે)

હાઈકુ

ચિંતન

મજ્જત્વમભસિ યાતુ મેરૂ શિખરં શત્રુંજયત્વાહવે
વાણિજ્યં કૃષિસેવને ચ સફલાઃ વિદ્યાઃ કલા શિક્ષતુ ।
આકાશં વિપુલં પ્રયાતુ ખગવત્કૃત્વા પ્રયત્નં પરં
ના ભાવ્યં ભવતીહ કર્મવશતો ભાવ્યસ્ય નાશઃ કૃતઃ ॥

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક વિદ્યિના અમીટ લેખ બાબત સમજાવે છે :

'માનવી સમુદ્રના ઉંડા જળમાં (સબમરીન દ્વારા) ઉંડા તળ સુધી પણ પહોંચી જાય, મેરૂ અને હિમાલય જેવા ઊંચા પર્વતોને પણ સાહસપૂર્વક સર કરી લે. યુદ્ધના મેદાનમાં બળવાન શત્રુને પરાજય પણ આપે, વ્યાપાર, ખેતી અને નોકરી ધંધામાં (ટેકનોલોજી - અને કોમ્પ્યુટર જેવાં આધુનિક સંશોધન દ્વારા) ખૂબ પ્રગતિ પણ કરે, (હેલીકોપ્ટર અને આધુનિક વિમાનો વડે) આકાશમાં પંખીને જેમ કદાચ ઉડી પણ શકે. આટઆટલી પ્રગતિ અને સફળતાઓ છતાંય આ સંસારમાં જે કર્મવસાત્-ભાગ્યવસાત્ બનવાનું છે એ કદાપિ ન બને એવું થઇ નહીં શકે, અને જે બનવાનું જ નથી એને માનવી બનાવી નહીં જ શકે અર્થાત્ ભાગ્યમાં જે લખ્યું છે તે અચૂક થવાનું છે અને નથી થવાનું તે નથી જ થવાનું - એટલે કે સમર્થ માણસ પણ ભાગ્યમાં ફેરફાર કરી નથી શકતો.'

આપણે આપણા પૂર્વજન્મોજન્મનાં કર્મો-સંચિત કર્મો દ્વારા બંધાયેલું ભવિષ્ય ભાગ્ય-વિધિનાં લેખ આપણાં 'જન્મ'ની સાથે જ નિશ્ચિત ગમે તેવા મહાન-સમર્થ હોઇએ છતાં કંઇ જ ફેરફાર કરી શકતા નથી.

સુવિચાર

- ઉપદેશની અપેક્ષા કરતાં ક્યાંય અધિક આપણે બધા અનુકરણ કરીને જ બહુ શીખીએ છીએ - ભર્ક
- આપણે જાણતા નથી એ એટલી શરમની વાત નથી, જેટલી નવું કંઇ શીખવાની તૈયારી જ ન હોય - ફ્રેંકલીન
- જે માણસ મનથી એવું માને છે કે મને બધી ખબર પડે હું બહું જ જલદી સમજી જાઉં છું, એ કદી, કંઇ પણ શીખી નથી શકતો - બ્લાઉટ
- જો આપણી શીખવાની તૈયારી જ હોય તો નાનામાં નાની વ્યક્તિ પાસેથી કે નાનામાં નાની બાબતમાંથી પણ ઘણી શીખી શકાય છે - રસેલ કાનવેલ
- પ્રત્યેક ભૂલ અને નિષ્ફળતાઓ પણ કંઇક ને કંઇક શીખવી જાય છે - ચાર્લ્સ ડિકન્સ
- કોઇ પણ માણસને તમે કાંઇ પણ શીખવી શકો નહીં, પણ એની અંદર જ જે જ્ઞાન-સમજ છેતે શોધીને તમે એને કેવળ મદદ કરી શકો. - ગેલેલિયો
- બોધથી, સમજાવીને કે ગુસ્સા દ્વારા કોઇ કોઇને સુધારી, સમજાવી નથી શકતું, પ્રકૃતિ-સ્વભાવ-ટેવ-સ્વપ્રયત્નથી જ બદલાય છે - એસ. ભટ્ટાચાર્યી

બોધ કથા

આપણા જપ-તપ, ભક્તિ-પૂજા, દાન-પુણ્ય બધું માત્ર ને માત્ર ઇશ્વરની પ્રસન્નતા માટે જ હોવાં જોઇએ. એ બધાં પાછળ ભગવાન પાસેથી પણ કંઇ-કોઇ અપેક્ષા, મનોકામનાની પૂર્તિની વાંછના હોય તો એ માત્ર 'કોમર્શીયલ વહેવાર' થઇ જાય છે. સ્વાર્થનો જ વહેવાર. એનો કોઇ અર્થ નથી.

એક મહાત્મા બપોરની ભિક્ષા લેવા નિકળ્યા. એક સ્ત્રીએ સ્વામીની ઝોળીમાં બે રોટલા નાખી વંદન કરી કહ્યું, સ્વામીજી મારી ગોદ વર્ષોથી ખાલી છે, ખોળો ભરાય એવા આશીર્વાદ આપો!

સ્વામીજીએ બે રોટલા પાછા આપતાં કહ્યું, દેવી! બે રોટલામાં આટલું બધું ન થાય.. અને પોતાના આશ્રમમાં પાછા ગયા. એ બપોરે ભૂખ્યા રહ્યા.

સાંજે સત્સંગમાં એ સ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો. સ્વામીજી ભક્તો એ પ્રેમથી આપેલી ભિક્ષાનો તમે અસ્વીકાર કેમ કરો છો?

મહાત્મા કહે, કામના બૂરી ચીજ છે, કામનાથી થતો કોઇ પણ વહેવાર પણ દૂષિત છે, તમે ભિક્ષા ધર્મને જીવંત રાખવા આપો છો, તમારી કામનાપૂર્તિ માટે નહીં. અમે એવી વાસનામય ભિક્ષા ગ્રહણ કરીએ તો અમારો સ્વભાવ પણ બગડે, એનાં કરતાં ભૂખ્યા રહેવું સારૂં!

કૈકેયીમાં બેઠેલી પેલી રાષ્ટ્રનાયિકા તો ગમે તેવી અગનકસોટીએ ચડવા તૈયાર છે, એને સમષ્ટિનું કલ્યાણ ખપે છે - પોતાનું જે થવું હોય તે ભલે થાય એની એને પરવા નથી

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક તા. ૧૩/૦૧/૨૦૧૩ સાંજે ૫:૦૦ કલાકે નમન એપાટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં ફેબ્રુઆરી ૧૦, ૨૦૧૩ના રોજ ૧૪મો વાર્ષિકોત્સવ અંગેની ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત સર્જકો દ્વારા સ્વરચિત કૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર સાહિત્યસભાના કોષાધ્યક્ષ સુમંતભાઇ મ. શાહની ભક્તિ અને પ્રકૃતિને વ્યક્ત કરતી સાહિત્ય કૃતિઓ 'શ્રી વલ્લભ દર્શન' અને 'સમ્પક દર્શન' નો લોકાર્પણ સમારોહ તા. ૦૩/૦૧/૨૦૧૩ ના રોજ યોજાશે.

● કૈકેયી એક - ખલનાયિકા નહિ, રાષ્ટ્રનાયિકા

- ડો. કેશુભાઇ દેસાઇ

રામાયણ અને મહાભારતને બાદ કરી દો તો ભારતીય સાહિત્ય પાસે શું બચે? કયારેક મનમાં આવા અળવીતરા સવાલ પણ ઊઠ્યાં કરે છે. દુનિયા આખી ભારતની આણ માનતી હોય તો તે સાહિત્ય અને સંસ્કૃતિનાં મુદ્દે. વાલ્મિકી અને વ્યાસથી લઇ કાલિદાસ કે રવીન્દ્રનાથ ટાગોર સુધી આપણી આ આણ અંકબધ રહી છે. રામ અને કૃષ્ણની કક્ષાના નાયક મહામાનવ બાકીની દુનિયા પકવી શકી નથી. બુધ્ધ-ગાંધીય અહીં જ પાકે! દોલત ભટ્ટ સવિશેષ તો અખબારી કટારલેખક તરીકે જાણીતા, પણ એમને હું સંસ્કૃતિનાં રખેવાળ તરીકે ઓળખવવાનું વધુ પસંદ કરૂં. એમને અખબારી કટારો મારફત ધૂળમાં ધરબાઇ ગયેલી, સમૂળગી વિસારે પડી ગયેલી, સંસ્કૃતિની સુવર્ણરજ વીણી વીણીને ગુજરાતમાં ત્રણ-ત્રણ પેઢીઓને ન્યાય કરી છે. એ દૃષ્ટિએ એ આપણી પેઢીના લઘુ મેઘાણી જ ગણાય. મેઘાણીનું ગજું સર્જક-સંશોધક તરીકે મોટું એથી 'એમનાં પેંગડામાં મારાથી પગ ન ઘલાય' - એવી વિનમ્રતા પણ એમનાં કોઠે વસે છે. પણ એકાદ દોલત ભટ્ટ કે જોરાવરસિંહ જાદવ સિવાય આવું લોકસાહિત્યનું તર્પણ કરનારા આપણી ભાષામાં કેટલા?

જો કે અહીં વાત કરવી છે લોકસાહિત્યકાર કે અખબારી કટારચી તરીકે હાંસિયે પુરાઇ ગયેલા દોલત ભટ્ટમાં ઉછાળા મારતા સિસૃક્ષાની. દોલતભાઇએ લખેલી નવલકથાઓ કચકડે કંડારાઇ છે અને અહીં ગાંધીનગરમાં વાનપ્રસ્થ થવાને બદલે ભટ્ટજી માયાનગરીમાં જઇને વસી ગયા હોય તો એમની કલમે અનેક સારી સિને-પટકથાઓ રચાઇ હોય એમાં શંકાને સ્થાન નથી.

દોલત ભટ્ટના સર્જકફાલનું શિખર સર્જક છે એમની નવલકથા 'કૈકેયી.' રામના જ પાત્રને કરૂણાનિધિ જેવા રાજકારણી - કલાકાર કાલ્પનિક ગણાયા હોય ત્યારે 'રામાયણ' જેવી ચિરંજીવ કૃતિની મહત્તા સવિશેષ વધી જાય છે. રામ વાલ્મિકીનું માનસ સંતાન હોય તો એ પેલા પૌરાણિક - ઐતિહાસિક સાયુકલા અયોધ્યા નરેશ દશરથ નંદન કરતાં મૂઠી ઊંચેરા જ બની આવ્યાં છે, એટલું તો સ્વીકાર્ય જ છૂટકો.

દોલત ભટ્ટ કરૂણાનિધિની જેમ રામને કપોલકલ્પિત પાત્ર નથી કહેતા. કહે તો આપણે સ્વીકારીએ પણ નહીં. અહીં તો રામાયણ - ઘટનાને એક મહાન રાષ્ટ્રીય ઘટના તરીકે મૂલવવાનો સર્જનાત્મક અભિગમ રજૂ થયો છે, એની ચર્ચા ભારતીય સાહિત્યના પરિપેક્ષ્યમાં કરવાનો ઉપક્રમ છે.

વાલ્મિકીની કૈકેયીને તો આખી દુનિયા ઓળખે છે. બાકીનાં રામાયણ પણ કૈકેયીને કલાસિકલ ખલનાયિકા લેખે જ રજૂ કરે છે. કૈકેયી છે તો રામાયણ છે. રામાયણમાંથી કૈકેયીને જ કાઢી નાખો તો આખી કથા કડડભૂસ કરતી ધરાશાયી થઇ જાય - એટલું તો કરૂણાનિધિનેય માનવું પડે!

દોલત ભટ્ટે કૈકેયીનું પુરાકલ્પન એમની પોતીકી નજરે રંગીને તેને તદન જુદું જ પરિણામ આપ્યું છે. 'રામાયણ' ના આદિ કવિથી લઇ વિવિધ રામાયણો - તુલસી, કમ્બન આદિનાં સર્જનાત્મક લોક રામાયણો અને મોરારિદાસ હરિયાણી જેવા રામકથાકારોની કૈકયી કરતાં આપણા આ અદના ગુજરાતી વાર્તાકારની કૈકયી સર્વથા જુદી છે. મૈથિલીશરણ ગુપ્તાના મહાકાવ્ય 'સાકેત'ની કૈકેયી પ્રત્યે વાચકને થોડીક અનુકંપા જરૂર જાગે છે - એના પરિતાપથી પ્રભાવિત થયેલા રામભક્તોની જેમ એને પણ કૈકેયી નામની બદકિસ્મત બાઇ પ્રત્યે સહાનુભૂતિ જાગે છે. એક કમનસીબ માતાએ પુત્ર પ્રેમના અતિરેકમાં આવડી મોટી ભૂલ કરી નાખી અને પછી એની ફલશ્રુતિ લેખે તો એને માથે દુઃખના ડુંગરા જ તૂટી પડ્યા, ખુદ જેના કાજે આટલું દુઃસાહસ કર્યું એને લોકનિંદા વહોરી લીધી - એ પેટનો જણ્યો પોતે જ છેલ્લા પાટલે જઇને બેઠો. એણે તો જનેતાને કાળમુખી કહી એનું મોઢું સુધ્ધાં જોવાની ના ભણી દીધી. ગાદીએ બેસવાને ઠેકાણે નંદીગ્રામમાં ઝૂંપડી બનાવીને સ્વૈચ્છિક વનવાસ - એકાંતવાસ વહોરી લીધો. માને બાપની હત્યારિણીનું બિરૂદ આપી એના પાપનું પ્રાયશ્ચિત કરવા રામની ચરણ પાદુકાઓને સિંહાસને સ્થાપી.

કૈકેયી જેવી કલંકિતાને હિંદી સાહિત્યના શિરોમણિ કવિએ આમ લોકસહાનુભૂતિનું દુખિયારૂં, નસીબનું દુણાયેલું પાત્ર બનાવી દઇ એક નવો જ ચીલો ચાતર્યો હતો. 'કાવ્યેતર ઉપેક્ષિતા' નારી તરીકે ઊર્મિલાને રવીન્દ્રનાથની સમજણથી પ્રભાવિત થઇ ગુપ્તાજીએ 'સાકેત'ની સાચી નાયિકા તરીકે સ્થાપી. આ હતું કલાસિક રામકથાનું સર્જનાત્મક રૂપાંતરણ. એમાં જે રામ છે તે વાલ્મિકી અને તુલસીના રામ નથી. એ ભગવાન કરતાં સવિશેષ મહામાનવ છે, જે કવચિત્ માનવ સહજ ભૂલ પણ કરી શકે છે. એમનાં આ મંગલ માનવીય સ્વરૂપને લીધે એ વાલ્મિકી કે તુલસીના રામ કરતાં આજનાં હિંદુસ્તાનીને વધારે પોતીકા લાગે છે. રામને ભગવાન નહીં ગણનારા નાસ્તિકને સુધ્ધાં મૈથિલીશરણ ગુપ્તાના રામ તો વ્હાલા જ લાગશે, કારણ કે એ ખરેખર એક હાડચામવાળા, લાગણીઓથી ધબકતા માણસ જેવા માણસ છે. એ આદર્શો પાછળ અંગત સુખોનું બલિદાન આપે છે, દલિત-વંચિતની વહારે ધાય છે, બલકે એવી જ વનવાસી જાતિઓનાં સહયોગથી દશાનન રાવણને પરાજિત કરી અપહૃત પ્રિયતમાને પાછી મેળવે છે. 'સાકેત'ની કૈકેયી વાંચકોની સહાનુભૂતિ અંકે કરી શકે છે - કારણ કે એ એના અપકૃત્યોનો એકરાર કરે છે, પસ્તાવો કરે છે. પરંતુ દોલત ભટ્ટની નવલનાયિકા કૈકેયી તો વાચકને એક નવી જ દૃષ્ટિ અને દિશા ચીંધનારી મહાનાયિકા બની રહે છે. સમગ્ર રામ-ઘટનાનું એ કેન્દ્રવર્તી પાત્ર બની રહે છે, જે આર્યવર્તના કલ્યાણ અર્થે પોતાના શિરે યુગોપર્યંત ટકી રહેનારૂં કલંક સામે ચાલીને વહોરી લે છે. એ કંઇ સત્તાભૂખી સાધારણ રાજરાણી નથી. એ તો યુગદૃષ્ટા તપસ્વિની છે. એને ખબર છે કે પોતાનો આપદ્ ધર્મ બજાવવા જતાં એણે કેવી આકરી તવાઇ અને ભવાઇનો ભોગ બનવું પડશે. છતાં એનાં ચિત્તમાં જે સંકલ્પ જાગ્યો છે. એને ચરિતાર્થ કરવા એ ગમે તેવું મોટું જોખમ ખેડવા તૈયાર છે. આ સંકલ્પ છે દુરિત ઉપર સત્ તત્ત્વોના વિજયનો. એમાં ખુદ રામનો જ ઉપયોગ કરવો પડે એમ છે. એ રામ, જે કૈકેયીને દશરથ કે કૌશલ્યા કરતાં પણ વિશેષ વહાલો છે. પોતાના પેટના જણ્યા કરતાં જેને સવાયો ગણીને લાડ લગાવ્યા છે. એ જ રામને વનવાસ આપતાં એણે કેટલું વીત્યું હશે! પરંતુ અહીં એ ફક્ત રામની માતા નથી. સમગ્ર આર્યાવર્તની માતા છે. એણે રાષ્ટ્રધર્મ બજાવવા માટે અંગત લાગણીઓની હોળી કરવી જ રહી. એને ખુદ રામ પ્રત્યે આ મુદ્દે પ્યાર છે : પોતે તો માતાનો વ્યૂહ સુપેરે સમજી શકે છે પરંતુ માતાને માથે આફતો ઊતરી આવશે એનો એમને વસવસો છે. એ તો પ્રગટ પરમાત્મા છે. માતા એમની પ્રચ્છન્ન શક્તિઓથી વાકેફ છે. આસુરી શક્તિઓને નાથવા માટે રામ જેવા રામને હથિયાર બનાવવા પડે છે - એક માતા તરીકે ખુદ કૈકેયી પણ આ મુદ્દે વ્યથિત તો હોય. પરંતુ અહીં સવાલ છે રાજધર્મનો. પ્રજાને આતતાયીઓનાં ત્રાસથી છુટકારો અપાવવો હોય તો ભલે એ માટે શાશ્વત અપયશના ભોકતા બનીને, લોકનજરમાં તિરસ્કૃત બનીને - અરે, ખુદ પંડના દીકરાના નજરમાં હેઠે ઊતરી જઇને જીવવું પડે. ભલે અકાળે વૈધવ્ય ભોગવવું પડે; પતિ-ઘાતિનીની વસમી ગાળ ખમવી પડે. કૈકેયીમાં બેઠેલી પેલી રાષ્ટ્રનાયિકા તો ગમે તેવી અગનકસોટીએ ચડવા તૈયાર છે. એને સમષ્ટિનું કલ્યાણ ખપે છે - પોતાનું જે થવું હોય તે ભલે થાય એની એને પરવા નથી.

કૈકેયી જેવી પ્રસ્થાપિત ખલનાયિકાને રાષ્ટ્રનાયિકા તરીકે ઉજાગર કરતી દોલત ભટ્ટની આ મૌલિક વિભાવના આપણને 'રામાયણ'નો એક નવતર અર્થસંદર્ભ ઉઘાડી આપે છે. પરંપરાગત ઘટનાક્રમને યથાવત્ વાગોળતા જનસાધારણના ગળે ન ઊતરે એવું આ જુદી જ ભાતનું પ્રતિપાદન છે. ખુદ મોરારિબાપુ આવા અર્થઘટનથી આંચકો ખાઇ ગયા હશે. પરંતુ સર્જક એની રીતે પૌરાણિક કથાનું પુનઃસર્જન કરતો હોય ત્યારે આવા નવતર અભિગમવાળી વાત સ્વીકારવાની પણ ઉદારતા કેળવવી રહી. હિંદુ ધર્મની એ જ તો વિશેષતા છે. એમાં ભિન્ન મત પ્રત્યે પૂરતી સહિષ્ણુતા પ્રવર્તે છે.

અલબત્ત, દોલત ભટ્ટને મન આ કથાનક કોઇ કીમિયાનગરીનો નમૂનો નથી. એમને મન સાચું રામાયણ જ આ છે. આપણે ત્યાં ખુદ દાર્શનિકોમાં પણ રામાયણ ઘટનાનો જરા ચીલો ચાતરતો સમાંતર મત પ્રવર્તમાન રહ્યો છે. રામ તો સ્વયં પરમાત્મા છે. એમને વનવાસ જવાનું હોય ને એ માટે કૈકેયીનું કથાનક આવે - એ તો સ્વયં રામનો જ સંકલ્પ હોય. રાવણ વિશે પણ સદ્‌ભાવ ધરાવનારો વર્ગ તો એમ જ માનનીને ચાલે છે કે એ ટૂંકા રસ્તે મોક્ષગતિ પામવા માટે - ખુદ પરમાત્મા સાથે વેર બાંધવોનો રસ્તો અપનાવે છે. એ તો પ્રકાંડ પંડિત છે. મહા તપસ્વી છે, પરમ શિવભક્ત છે. રામને નથી ઓળખતો એવું થોડું છે? એ જાણે છે કે પોતે ઇશ્વરના અવતાર એવા રામ સાથે વેર બાંધે તો જ પોતાનો ઉધ્ધાર થાય. એમના હાથે મરવાનો લહાવો લેવા માટે એ જગજજનની સીતાના હરણનો કારસો ઘડે છે, જેથી ખુદ ભગવાનને સામે પગલે લંકા આવીને પોતાની સામે યુધ્ધ કરવું પડે. એમના હાથે મરવાની લાલસા હતી ને! બલકે આ રામ અને રાવણ બેઉ વચ્ચેની છૂપી સમજૂતી હોય એમ લંકા ઉપરની ચડાઇ પૂર્વે રામેશ્વરના યજ્ઞ પ્રસંગે પુરોહિત તરીકે ખુદ લંકેશ હાજર રહી રામને વિજયી થવાના આશીર્વાદ આપે છે. આ પણ રામાયણ છે : એનું અધ્યાત્મ સમજનારાઓને મન એમાં કશું જ શંકા કરવા લાયક કે ક્ષેપક તત્ત્વ નથી. મહાકાવ્યનાં આવાં સર્જનાત્મક અર્થઘટનોમાં રૂપકડુ ઉમેરણ દોલત ભટ્ટની નવલકથા સ્વરૂપે મળે તો એ પણ એટલું જ આવકાર્ય લેખાયું ઘટે.

મારા બધા નિત-નિયમોમાં આજ વાત છે, મારૂં બધું ધ્યાન મારા નિત-નિયમોમાં રહેલું હોય છે

મહાપ્રભુજીનો દીવો - પ્રેરક પ્રસંગ

- યશવંત કડીકર

મહાપ્રભુજી એ સમયે વૃંદાવનમાં બીરાજતા હતા. રોજ સાંજે કથા-વાર્તા થતી, વૃંદાવન ઉપરાંત આજુબાજુના ગામોમાંથી પણ ઘણાં વૈષ્ણવો મહાપ્રભુજીની અમૃતવાણી સાંભળવા આવતા.

મહાપ્રભુજીની જીભે તો મા સરસ્વતીનો વાસ હતો. સતત જ્ઞાનનો પ્રવાહ ચાલતો. મહાપ્રભુજીની કૃપાળુ વાણી સાંભળી વૈષ્ણવો ભાવવિભોર બની જતા.

એકવાર સાંજનું કથાશ્રવણ પૂરૂં થતાં,

મહાપ્રભુજી પોતાના શયનકક્ષામાં પાછા ફરી રહ્યાં હતા. ત્યાં જ એક વ્યક્તિએ આવી મહાપ્રભુજીને પૂછ્યું, "લોકો તો આપને મહાજ્ઞાની માને છે. બધાં વૈષ્ણવો આપના પર પ્રસન્ન રહે છે. આપ તો પુષ્ટિભક્તિના જનક કહેવાઓ છો, સાથે સાથે પ્રભુના સેવક તરીકેની ફરજ પણ અદા કરો છો. આ બધું એક સાથે કેવી રીતે બની શકે?"

મહાપ્રભુજીએ કહ્યું, "ભાઇ, તમે કસમયે આવ્યા છો. આ મારો પ્રભુ ભક્તિનો સમય છે. આપના સવાલનો જવાબ હું થોડી વાર પછી આપીશ. ત્યાં સુધી તમે આ દીવો લઇને મંદિર જોઇ આવો. એટલું ધ્યાન રાખજો કે - દીવો ઓલવાઇ ના જાય."

પેલો માણસ તો મહાપ્રભુજીનો આપેલો દીવો લઇને મંદિરની અંદર ચાલ્યો ગયો.

કેટલાક સમય પછી એ પાછો આવ્યો તો મહાપ્રભુજીએ મૃદુતાથી પૂછ્યું, "ભાઇ, મંદિર કેવું લાગ્યું?"

પેલા ભાઇએ કંઇક ગભરાટ અનુભવતાં કહ્યું, "સ્વામીજી, હું મંદિરનો ખૂણો ખૂણો ફરી વળ્યો, બધું જ જોયું, પણ બરાબર રીતે ના જોઇ શક્યો."

મહાપ્રભુજીએ પૂછ્યું, "એમ કેમ ભાઇ?"

પેલા ભાઇએ કહ્યું, "આ બધું જ ધ્યાન દીવા પર મંડાયેલું હતું, કારણ કે, ક્યાંક દીવો ઓલવાઇ ના જાય."

મહાપ્રભુજીએ મરક-મરક હસતાં કહ્યું, "મારા બધા નિત-નિયમોમાં આજ વાત છે. મારૂં બધું ધ્યાન મારા નિત-નિયમોમાં રહેલું હોય છે. ફરતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં એક જ વાત મારી સામે રહેતી હોય છે કે, મારા રોજિંદા પ્રભુ સેવાના આ કાર્યમાં હોય છે. હું જે આ બધું કરૂં છું, તે પ્રભુ સેવાનું કાર્ય કરૂં છું."

પેલી આવનાર વ્યક્તિ તો મહાપ્રભુજીના ચરણોમાં ઝૂકી પડી. "સ્વામીજી, મેં જ્યારે આપના રોજિંદા સેવાકાર્યો વિશે સાંભળ્યું, ત્યારે મને ખાતરી થઇ ગઇ કે, આપ સાચા વૈષ્ણવ શિરોમણી છો."

વ્યક્ત તથા વિચારોને કે, વાતચીતના અંશોને દીર્ઘકાળ સુધી મનમાં મમળાવ્યાં કરવાથી જ ધીમે ધીમે સ્મૃતિનો વિકાસ થતો જાય છે, આપણે જે કંઇ સારૂં શ્રવણ કર્યું હોય તેને બૌધ્ધિક સ્તર પર તથા માનસિક ભૂમિકા પર વારંવાર યાદ કર્યાં કરવું પડે છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

'શ્રુતં મે મા પ્રહાસિ'

હે પરમાત્મા, મારૂં શ્રવણ કરેલું કદિ પણ ન વિસરાય 'તેવા આશિષ આપો'

- ઐતરિય - ઉપનિષદ

આપણા પ્રાચીન ગ્રંથો માટ ભાગે સૂત્રોમાં લખાયા છે. વેદ, ઉપનિષદો, ગીતાજી ઇત્યાદિ ગ્રંથોમાં જીવન - પ્રકાશિત કરતા અનેક સૂત્રો મળે છે. બ્રહ્મસૂત્રો, ભક્તિસૂત્રો અને યોગદર્શન જેવા ગ્રંથો તો સૂત્રોત્મક જ છે. જેને સમજવા માટે આચાર્યોએ ભાષ્ય આપ્યા છે. સૂત્રો અતિશય સંક્ષિપ્ત હોવા છતાં અર્થગંભીર સઘનતા ધરાવે છે. વારંવાર ચિંતન - મનન પછી તેનો ગૂઢાર્થ સમજાય છે. વળી ટૂંકા હોવાથી યાદદાસ્ત માટે અનુકૂળ છે. ઉપરોક્ત સૂત્ર પણ ઐતરિય - ઉપનિષયના મંત્ર - પાઠમાંથી લેવામાં આવ્યું છે. જેમાં ઋષિ પરમાત્માને પ્રાર્થના કરી. પોતે જે શ્રવણ કરેલું છે તે કયારેય નષ્ટ ન થાય તેવા આશિષ માગે છે.

આ સૂત્રો અર્થ-ગંભીરતા ધરાવે છે કારણ તેમા શાશ્વત સિધ્ધાંતો મુકાયા છે. આત્મતત્ત્વ કે 'બ્રહ્મ' જેવા વિષયો ચર્ચાયાં છે. 'આપણા સામાન્ય જ્ઞાનનું ક્ષેત્ર માત્ર ભૌતિક વિશ્વ પુરતું જ હોય છે. જયારે ઉપનિષદોમાં આપણાં જ્ઞાન-જગતના પેલે પારના વિષયોની ચર્ચા તથા વર્ણન આવે છે. આ ક્ષેત્ર પરમ-આનંદનું ધામ અવશ્ય છે પણ તેની અભિવ્યક્તિ સામાન્ય વાણીમાં થઇ શકતી નથી. ભાવાતીત અનુભવનું વર્ણન કરવા વિશિષ્ટ - શબ્દ રચના તથા અર્થ-સંદર્ભો પ્રયોજવા પડે છે.' સમાજમાં સૌ કોઇને થતા સહજ સાદા અનુભવો માટે આપણા ચીલાચાલુ શબ્દો ચાલે પણ શાસ્ત્રોમાં તેજ શબ્દો ખાસ અર્થમાં પ્રયોજાય છે ને વિશિષ્ટ સંદર્ભો ધરાવે છે.

શ્રવણ કરેલ ઉપદેશનાં વિસ્મરણ થવામાં અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. જો સાધકમાં પ્રમાદ તથા આળસ હોય. વારંવાર મનન-ચિંતન કરવાની ટેવ ન પડી હોય, તો વિસ્મરણનો સંભવ રહે છે. આ ઉપરાંત સત્સંગનો અભાવ તથા વિષયાસક્તિ પણ જ્ઞાન આડેના અવરોધો છે. વિષય વસ્તુની ચર્ચા વખતે જો સાધકનું ચિત્ત ચંચળ થઇ ભટકતું રહે. વક્તા પરત્વે શ્રધ્ધાના અભાવ હોયકે પણ રસ ન હોય તો શ્રવણ કરેલું મનમાં સ્થિર થતું નથી. ઋષિ લોભામણાં પ્રલોભનથી બચવા અને પ્રાપ્ત જ્ઞાન પૂર્ણપણે આત્મસાત થાય તે માટે પ્રાર્થના કરે છે.

આપણા સામાન્ય અનુભવ તો એવો છે કે આપણે કાને-પડેલું ઘણું યાદ રાખીએ છીએ. આપણું અપમાન, નિંદા, તથા જો હાંસીપાત્ર થવા હોઇએ તો તે વચનો બરાબરના યાદ જ હોય છે. અહીં આપણે 'શ્રવણ કરેલું' તેમજ 'કાને પડેલું' આ બે વચ્ચે વિવેક જાળવવો પડે. જે કંઇ આપણા કાને પડે છે તે મોટા ભાગે તો કચરો જ હોય છે. ટી.વી. વિવિધ જાહેરાતો રસ્તે ચાલતા કાને પડતી અશ્લિલ વાણી - હલકું વાચન - આ તમામ આપણા મનને કચરાપેટી બનાવી મૂકે છે. અને જોયા જાણ્યા કે સમજયા વિના આપણે તમામને મનમાં પધરાવીએ છીએ. માત્ર જાગૃત વ્યક્તિ જ સાંભળવા જેવું શું છે તેનો વિવેક કરે છે. બાકી મોટા ભાગનો જનસમૂહ તો જે ભૂલી જવા જેવું છે તે જ યાદ રાખે છે. અને જે યાદ રાખવા જેવું છે તેને ભૂલી જાય છે.

ઋષિએ શ્રવણ પર ભાર મૂક્યો છે વાચન પર નહીં એ યુગમાં જ્ઞાન ગુરૂ-શિષ્ય પરંપરામાં શ્રુતિથી જ અપાતું, વેદાંત અભ્યાસનો વિષય હોય ને તેમાં પૂર્ણ - જીવનનું વિજ્ઞાન જ સમજાવામાં આવતું હોવાથી ગુરૂનાં ઉપદેશ દિન-પ્રતિદિન સતત ચાલુ રહેતો પાસે બેઠેલાં સાધકમાં જો ઉત્કૃષ્ટ ગ્રહણ શક્તિ હોય તો જ તે ગુરૂ મુખે સરતો ઉપદેશ પોતાના ચિત્તમાં ધારણ કરી શકે છે. ને પોતાના સ્મૃતિ - ભંડારમાં તે ભરી દે છે. પણ જો આગલા દિવસનું શ્રવણ કરેલું બીજા દિવસે વિસરાઇ ગયું હોય તો ઉપદેશનું સાતત્ય તૂટે છે. સાધકના ચિત્તમાં સમત્રયતાનું ચિત્ર સર્જાતું નથી માટે જ વિસ્મરણ ન થાય તેમ માગ્યું છે.

વાચનમાં અન્ય દોષ પણ છે. વાચન દરમિયાન ઘણું બધું છૂટી જતું હોય છે. વાચનમાં આવતાં સંદર્ભો પુરા સમજાય તે પહેલાં તો આંખો આગળ વધી જાય છે. કિલષ્ટ તથા ગહન વાચમાં જો કંટાળો આવે તો માત્ર પાના ફરતાં હોય છે વાચન દરમિયાન મન અન્ય બાબત પરત્વે વિચારનું હોય તો પણ વાચનનો શ્રમ નિરર્થક બને છે. 'માણસ મન વડે જુવે છે ને સાંભળે છે.' તે ઉપનિષદ વાક્ય પણ આ બાબતની સાક્ષી પુરી પાડે છે. લોક - કહેવત પણ છે. જ 'પોથું તે થોથું... ડાચું તે સાચું.'

વાચનમાં શબ્દો નિર્જીવ હોય છે ત્યારે ગુરૂમુખે વ્યક્ત થતાં શબ્દો સજીવતા પામે છે. તેમાં ગુરૂનું વ્યક્તિત્વ પ્રગટનું હોય છે. તેઓની પ્રામાણિકતા, નીતિમત્તા તથા ભાવનાઓ શબ્દોને બળ પુરૂ પાડે છે. વાણીનો પ્રવાહ, સાધક-શિષ્યને પોતાની સાથે ખેંચી જાય છે. પ્રભાવશાળી વાણી તેના અંતઃકરણમાંથી ફૂટે છે. તેમના શબ્દ સાગરમાં સાધક સ્નાન કરતાં ધરાતો નથી. જ્ઞાનના પંથ પર વિચરતાં સાધક માટે તો ગુરૂ-વાણી જ સાચી છે. વાર્તાલાપને પોતાની સ્મૃતિમાં ભરી દેવાની શક્તિ શ્રવણ દ્વારા જ વિકાસ પામે છે. જે એક વખત સ્મૃતિ પટ પર આલેખાયું તે સદાય જીવનંત જ રહે છે. એટલે 'શ્રુતં' નો સ્પષ્ટ અર્થ થાય છે ગુરૂ વાણી દ્વારા મળેલો સદ્ ઉપદેશ...

શ્રવણ કરાયેલ વ્યતવ્ય... સદા યાદ રહે તે માટે આંતર-મનમાં થોડી પ્રક્રિયા થાય છે. વ્યક્ત તથા વિચારોને કે, વાતચીતના અંશોને દીર્ઘકાળ સુધી મનમાં મમળાવ્યાં કરવાથી જ ધીમે ધીમે સ્મૃતિનો વિકાસ થતો જાય છે. આપણે જે કંઇ સારૂં શ્રવણ કર્યું હોય તેને બૌધ્ધિક સ્તર પર તથા માનસિક ભૂમિકા પર વારંવાર યાદ કર્યાં કરવું પડે છે. શ્રી સ્વામી ચિન્મયાનંદજી આ પ્રમાણે 'વાગોળવાની પ્રક્રિયા' જેવો શબ્દ પ્રયોજે છે. આ વાગોળવાની ક્રિયાને જ મનન અને ચિંતન કહેવામાં આવે છે. મનન કરવા માટે કોઇ એકાંત જગા પર જઇ બેસવાની જરૂર નથી. જેમ ઓરડાનાં એક ખૂણે પડેલું અત્તરનું 'ફાયું' પોતા